શ્રી.

પાટણ મુનીસુવ્રત જૈન મંડળમાં ગવાતાં ગાયનો.

તેમાં પ્રથમ ચૈતવંદન વિધિ વિગેરેનો સંગ્રહ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

પાટણ મુનિસુવ્રત જૈન મંડળીના સેક્રેટરી

શા. લેહેરચંદ લલુભાઇ

ગીતિ.


શ્રી મુનિવ્રત સ્વામી, પાટણ પુરમાં મ્હેતાને પાડે;
નમન કરે શીરનામી, કૃપા કરી ભવ ખાડથી કહાડે.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ

[illegible] વનીકમુદ્રણ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યાં.

કીમત ૦-૨-૦



अर्पण पत्रिका.

રા. રા. કીલાભાઇ ઉજમશી ચોકશી.

મુ. અમદાવાદ પાંજરાપોળ.

આપ અણહીલપુર પાટણના વતની છો આવા જૈન સ્તવનોના નેવીન નવીન ગ્રંથ પ્રસિદ્ધ કરવા સારૂ ઉદારવૃત્તિથી આતુરતા દર્શાવો છો અને સંગીત વિદ્યાના રસીક શ્રોતા છો તેમ બાળકોને ધર્મ સબંધી કેળવણી આપવામાં આગેવાની કરો છો અને ઘણી નવી ઉત્પન્ન થતી જીન મંડળીઓને દ્રવ્યની પણ સાહાય કરો છો તથા શ્રદ્ધાળુ મયાળુને સ્વદેશી સ્વામી ભાઇ ગુણજ્ઞછો ઇત્યાદી અનેક ગુણ અવલોકન કરવાથી આ નાનું પુસ્તક ઉછરંગથી આપનેજ અર્પણ કરવાની ઇચ્છા છે તે સ્વીકારી મંડળીને આભારી કરશોજી.

સંવત ૧૯૫૮ ના અશાડ સુદ ૮ વાર બુધેઉ.

લી. સ્વદેશી સ્વામીભાઇ
શા. લેહેરચંદ લલુભાઈ
શ્રી પાટણ મુનિસુવ્રત જીનમંડળીના મંત્રી

श्री पाटण मुनीसुव्रत जीन मंडळीमां

गवातां स्तवनो वगेरेनो संग्रह.

પ્રભુ પ્રથમ નમસ્કાર સાથે ચૈત્યવંદન વિધિ


नमस्कार मंत्र.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં; નમોલોએ સવ્વ સાહુણં એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં.

સ્વસ્તિક અથવા સાથીઓ.

સ્વસ્તિક અથવા સાથીઓ.

જીન ભુવનમાં સ્વતિક અથવા સાથીઓ નિચે પ્રમાણે અક્ષત (ચોખાથી કરવો.



આ સાથીઆમાં ચાર પાંખાને ચાર ગતિ-મનુષ્ય, દેવ, તિર્યંચ-નારકી—નાં સુચક સમજવા, ઉપરનાં ત્રણ બીંદુને ત્રણ-રત્ન—જ્ઞાન—દર્શન—ચારિત્ર—સમજવાં અર્ધ ચંદ્રાકાર ચિન્હ તે ઉર્ધ્વસ્થાન-સિદ્ધ શિલ્લા, કે મુક્તિ સ્થાનનું સુચક છે.

આ સ્વસ્તિક પુરી માગવાનું કે—હે ! ત્રિલોકના નાથ આ ચાર ગતિમાંથી મને મુકત કરી, જ્ઞાન દર્શનને ચારીત્ર રૂપ દાન દઇ અજરામરસ્થાન—મોક્ષસ્થાન—પામવા શક્તીમાન કર

આ સાથીઓ ચૈત્યવંદન કર્યા પહેલાં અક્ષત ચોખાથી પુરી નૈવેદફળ પ્રમુખથી અગ્ર પુજા કરવી. પછી ભાવ પુજાતે ચઇત્ય વંદન કરવું. (ત્રણ ખમાસમણા દેઇ)

મુનિસુવ્રત સ્વામીનું ચૈત્યવંદન.

મુનીસુવ્રત જીન વીસમા, કચ્છપનું લંછન,
પદ્મા માતા જેહની, સુમીત્ર નૃપ નંદન. ૧
રાજગ્રહી નગરી ધણી, વીસ ધનુષ શરીર,
કર્મ નિકાચીત રેણુ વ્રજ, ઉદ્દામ સમીર. ૨
ત્રીસ હજાર વરસ તણુએ, પાળી આય ઉદાર,
પદ્મ વીજય કહે શીવ લહ્યો, શાશ્વત સુખ નિરધાર-૩

અથ જંકીંચી.

જંકિંચિ નામ તિથ્થં, સગ્ગે પાયાળિ માણુસ્સ લોએ;
જાઇં જીણ બિંબાઇં, તાઇં સવ્વાઈં વંદામિ.

નમુથ્થુણં

નમુથ્થુણં, અરીહંતાણં ભગવંતાણં;
આઇગરાણં, તીથ્થયરાણં સયંસંબુદ્ધાણં.
પુરિસુત્તમાણં, પુરીસ સીહાણં, પુરીસવર પુંડરીઆણં,
પુરીસવર ગંધહથ્થીણં,
લોગુત્તમાણં, લોગ નાહાણં, લોગ હીઆણં,
લોગ પઇવાણ લોગ પજ્જેઅગરાણં.
અભય દયાણ, ચખ્ખુ દયાણ, મગ્ગ દયાણં,
સરણ દયાણં, બોહિ દયાણ.
ધમ્મદયાણ, ધમ્મ દેસયાણં ધમ્મ નાયગાણં,
ધમ્મ સારહિણં ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં.
અપ્પડિહય વરનાણ, દસણ ધરાણં વીઅટ્ટછઉમાણં;
જીણાણં જાવયાણ, તીન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં;
મુત્તાણં મોયગાણં, સવ્વનુણં, સવ્વ દરિસીણં,
સિવ મયલ મરૂઅ મણંત મખય મવ્વાબાહ મપુણરાવતિ
સિદ્ધિ ગઇ નામ ધેયં ઠાણં સંપત્તાણં
નમો જીણાણં જીઅ ભયાણં,
જેઅ અઇઆ સિદ્ધા, જેઅ ભાવસ્સંતીણાગએ કાલે
સંપઇઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.

જાવતીચેઇઆઇ.

જાવતી ચેઇઆઇં ઊંડેઅ અહેઅ તિરિઅ લોએઅ;
સવ્વાઇં તાઇંવ દે, ઇહસંતો તથ્થ સંતાઇં. ૧ (ખમાસમણુ દેવું)

जावंत केवीसाहु.

જાવંત કેવિસાહુ ભરહે રવય મહાવિદેહેઅ.
સવ્વેસિં તેસીં પણુઓ, તિવિહેણ તિદંડ વિરયાણુ.

नमस्कार.

નમોઽર્હત સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્ય:

उवसग्गर.

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મ ઘણ મુક્કં;
વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં, ૧
વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જોસયા મણુઓ
તસ્સગહ રોગ મારી દુઠ્ઠ જરા જંતિ ઉવસામં. ૨
ચિઠ્ઠઉ દુરે મંતો, તુજ પણામોવિ બહુ ફળો હોઇ
નર તિરિએ સુવિ જીવા, પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં. ૩
તુહ સમ્મતે લધ્ધે, ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ;
પાવંતિ અવિઘ્ઘેણું, જીવા અયરામરં ઠાણું. ૪
ઇઅ સંથુઓ, મહાયસ, ભતિબ્ભર નિબ્ભરેણ હિઅએણ,
તા દેવ દિજજ બોહીં, ભવે ભવે પાસ જીણચંદ. ૫

जयवियराय.

જય વિયરાય જંગગુરૂ હોઉ મમ તુહ પભાવઓ ભયવં;
ભવ નિવ્વેઉ મગ્ગાણુ, સારીઆ ઇઠ્ઠ ફળ સિદ્ધિ. ૧
લોગ વિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણ પુઆ પરથ્થ કરણંચ,

સુહગુરૂ જોગો તવ્વયણ, સેવણા આ ભવમખંડા. ૨
વારિજ્જઇ જઈવિ નિઆણ બંધણં, વીઅરાય તુહ સમયે,
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩
દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ, સમાહિ મરણંચ બોહિલાભોઅ;
સંપજ્જઓ મહએઅં, તુહનાહ પરણામ કરણેણં. ૪
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં,
પ્રધાનં સર્વ ધર્માણં, જૈનં જયતિ સાસનં. ૫

अरिहंत चेइआणं.

(પગથી જીનમુદ્રા કરી જોગ મુદ્રાએ હાથ જોડી બોલવું.)

અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસ્સગં, વંદણ વત્તિઆએ, પુઅણ વત્તિઆએ, સક્કાર વત્તિઆએ, સમ્માણ વત્તિઆએ બોહિલાભ વત્તિઆએ, નિરૂવસગ વત્તિઆએ, સદ્ધાએ મેહાએ ધિઇએ ધારણાએ. અણુપેહાએ વદ્ધમાણિએ. ઠામિ કાઉસગ્ગં.

अन्नत्थ उससिएणं.

અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડુએણં, વાય નિસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં. સુહુમેહિં દિઠ્ઠિ સંચાલેહિં, એવમાઇએહિં, આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જમે કાઉસગ્ગો, જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં નપારેમિ, તાવકા

ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

(એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમો ર્હત કહી)

कल्लाण कंदंनी स्तुति.

કલ્લાણકંદં પઢમં જીણંદં, સંતિં તઓ નેમિ જીણં મુણિંદં.
પાસં પયાસં સુગુણિક્કઠાણં. ભત્તીઇ વંદે સિરિ વદ્ધમાણં ૧

(બીજાએ નમો અરિહંતાણં કહી પારવો.)

સ્તવન ૧ લું.

રાગ–કલ્યાણ

શ્રી જીનેશ્વરો, પ્રભુજી કૃપા કરો
ચરણ શરણ સ્મરણ કરૂ ભવ પિડા હરો. (એ ટેક.)
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
ઋષભ અજીત સંભવ અભિનંદન, સુમતિ પદ્મ સુપાસ;
૮ ૯ ૧૦
ચંદ્રપ્રભુ સુવિધિ શિતળજીન, આપો અવિચળવાસ. શ્રી૧
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
શ્રેયાંસ વાસુપુજ્ય વિમળજીન, અનંત ધર્મજીણંદ;
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
શાન્તિ કુંથુ અર મલ્લી પ્રભુ, મુનિસુવ્રતજીનચંદ શ્રી૨
૨૧ ૨૨ ૨૩ ૨૪
નમિ નેમીને પાર્શ્વના થજી, મહાવીર મહાવીર
કર્મ શત્રુ સંહારી શોભો, ચઉદ રાજને શીર, શ્રી ૩
જગત ગુરૂ છો કેવળજ્ઞાની, અમે બાળ અજ્ઞાન;
ધર્મ આપનો પ્રભુ ધરાવો, ધરીએ અહનીશ ધ્યાન. શ્રી ૪

મંગળ મહિમા મહિ મંડળમાં, મંગળી કર મહારાજ,
શિવસુત કેશવ નમે નિરંતર, સાથે જૈન સમાજ; શ્રી. ૫

સ્તવન ૨ જું.

રાગ—કલ્યાણ

માનુ પ્યારા માનુ પ્યારા ઋષભદેવ,
પ્રથમ તિર્થંકર પ્રથમ જીનેશ્વર, પ્રથમ જતી વ્રતધારી માનુ
નાભીરાય મરૂદેવાંકો નંદા, જુગલા ધર્મ નિવારી. માનુ
આનંદઘન પ્રભુ ઈતની બિનતી, આ ભવ પાર ઉતારી. માનુ

સ્તવન ૩ જું.

રાગ—કલ્યાણ

શ્રી શ્રી શાન્તિનાથ, જોડી જોડી હાથ,
પાદ પદ્મ પ્રણમુ પ્રભુ ઉઠીને પ્રભાત. એ ટેક.
અશરણ શરણ વિભુ જગનાયક, શિવ સુખ દાયક દેવ;
અમર નિકર હરીહર બ્રહ્માદીક, સારે અહનીશ સેવ, શ્રી ૧
ભવ ભ્રાંતિ ભાગો ભગવંતા, શાંન્તિ જીનેશ્વર સ્વામિ,
અમ ઉપર અનુકંપા આણી, આપો અવિચળ ધામ. શ્રી ૨
કરે સ્તવન મનમાં રંજન થઇ. પાટણ જૈન સમાજ;
આપ સમાન થવાની ઇચ્છા, જય જય શ્રી જીનરાજ. શ્રી. ૩

સ્તવન ૪ થું.

અનોપમ આંગીશી શોભે આહાહા—શ્રીજીનરાજ શ્રીજીનરાજ
પ્રભુ મનોહર મુરતી શી—

તારી કિર્તિનો નહીપાર, દયા કરોને જગદાધાર
પ્રભુ ઉતારો ભવજળ પાર અનોપમ—
પ્રાસ પ્રભુ સૌને સુખકાર, પાટણ શ્રી જીન મંડળ સાર
જૈન ધર્મમાં જય જયકાર. અનોપમ—

સ્તવન ૫ મું.

મને દિલ્લી બોલાવીને દગો દીધો. એ રાહ.

મુજે ભાવ હય જીન દર્શનકા નિહારોગે તો કયા હોગા
અહી અબમેં શરણ તેરી ઉગારોગે તો કયા હોગા. મુજે
સુણી શ્રી નાભીકેનંદા પરમ સુખ દેન જગવંદા.
મેરી વીનતી અપાવનકી વિચારોગે તો કયા હોગા. મુજે
ફશામેં કર્મ કે ફંદા મુજે તુમ વિન છોડાવે કોણ
તુંહીં દાતાર હય જગમેં જી તારોગેતો કયા હોગા મુજે
યા ભવસાગર અથાહીમે ઝુકારે દુઃખકે નિશદીન
મેરી યે નાવ અતી જંજારી ઉતારોગેતો કયા હોગા. મુજે

સ્તવન ૬ ઠું.

ક્યાંથી આ સંભળાય.

શિવરમણી રમનાર ધર્મ જીન શીવરમણી રમનાર;
ધર્મ ધુરંધરે, ધર્મ પ્રકાસ્યો, ભવિજનને હિતકાર ધર્મજીન;
પુણ્યવંત કેઇ પાળી પ્રિતે, પામ્યા ભવનો પાર. ધર્મ
પણ અપરાધી દુરગતિ ચાલી રખડયો હું સંસાર ધર્મ
પાપ ગાંઠડી ગરદન ઉપર, અતિશય ઉપજ્યો ભાર. ધર્મ

શ્રી પ્રભુની શેવા કરવાથી પામું ભવજળ પાર. ધર્મ
વદે પાટણ મંડળી પ્રેમે દયા કરો દાતાર. ધર્મ

સ્તવન ૭ મું.

જાવોજી જાવોજી એ રાહ.

નમુ નમુ આજ નેમ પિયારે મોરે (બે વાર)
તકશીર અમારી વિસારી પિયારે મોરે;
તુમ હમકુ છોડ મત જાઓ પિયારે મોરે,
નારી વિખુટી ન પાડો પિયારે મોરે
તું મોહે, પીયા, કરના, નિરધાર, પ્રિયા મતજા છોડીરે મુજરે,
પ્યારારે મોહે શ્યામ. નમુ નમુ.

સ્તવન ૮ મું.

ઠારો ઠાર છે આવાર. એ રાહ.

ચાલો નમીએ શ્રી જીનરાજ એ છે સરવદેવ શીરતાજ;
ખોટી માયા ખોટી કાયા ખોટો સઉ સંસાર;
માટે ચાલો ઝટપટ જઇએ મોક્ષ માર્ગને કાજ. ચાલો.
મુનિસુવૃત પ્રભુ પ્યારા મારા, સહાય થાઓ જીનરાજ;
પાટણ નવીન શ્રી જૈન મંડળી, અર્જ કરે છે આજ. ચાલો.
જૈન બાળ સેવકને તારો, કૃપા કરી મહારાજ;
વદે સેવક લેહેરૂ તારો, પ્રેમ ધરીને આજ. ચાલો.

સ્તવન ૯ મું.

કપુત કુંવર ઉઠયા. એ શેહ.

આદિનાથ તુમ શરણું આવ્યો, પાર ઉતારો મુજને;
અઘોર પાપો કીધાં અનંતા, શું કહું ઝાઝું તુજને......
શી થાશે ગતિ મારી...........હું ગયો જ્ઞાન હારી.
કુડકપટ કરી બહુ બહુ રાચ્યો, રંક ઘણા રીબાવ્યા;
લોભ મોહમાં અંધ બનીને, ત્રાસ ઘણા વર્તાવ્યા.
થઇ દુષ્ટ મતિ મારી............હું નિવડયો અનાચારી
સુત્ર સિદ્ધાંત ધર્યા નહી શ્રવણે, ધર્મ અલગમેં મૂકયો,
પરનારી નિંદા કરવામાં હું મૂરખ જન ચૂકયો;
નવ દીન દયા ધારી.............થઇ મૂઢ મતિ મારી,
લાખ ચોરાશીયોની રઝળી, આવ્યો મનુષ્ય ભવ માંહિ.
શરણુ હવે તુજ સરખું મળીયું, ઝાલોમારી બાંહિ;
અર્જ લહેરૂની ધારી..............કરો સેવકને આભારી,

સ્તવન ૧૦ મું.

બાપુએ બે હાલ કીધા. એ રાહ.

કરી પાપ જીવ રાચ્યો, ભવ નાટકમાં નાચ્યો.
કુદેવે કુગુરૂ જાચ્યો.
ધિક્કાર, આચાર, પરનિંદા કરી અપાર, ધરી શીર ભાર.
અધમ માચ્યો, કરી પાપ.

સાખી.

પરીગ્રહને આરંભથી, કર્યા કુકર્મ અપાર
ભાર ભૂત જનની કરી, કર્યો ન તત્વ વિચાર;
એ વિચાર, કર્યો ન લગાર, બન્યો ભ્રષ્ટાચાર. ધિ. પર.

સાખી.

મોહ જાળના પાસમાં, કુમતિ પડયો ગમાર;
વિષય અંધ ગતિમદથી, પર રમણીપર પ્યાર
અરે એ પ્યાર, સકળ સંસાર, કરે ફિટકાર, ધિ પર. કરી.

સાખી.

તજી શ્રદ્ધા જીન ધર્મની, ભજ્યા ન શ્રી જીનરાજ.
બગલો થઇ જગને ઠગ્યું, જેમ તેતરપર બાજ;
હે દગાબાજ, તજી નિજ લાજ, કર્યા કુકાજ. ધિ. પર કરી

સાખી.

સત્ય ક્ષમા શિળ આચરો, તજો અનાદીકુ ટેવ;
મુનિ સુવ્રત ભગવાનની, કરો પ્રેમથી સેવ;
કરો સુટેવ, ભજો જીન દેવ, લહો સુખએવ. ધિ. પર કરી

સ્તવન ૧૧ મું.

મહારાજ કુંવર આવો એ રાહ.

મહાવીર અમે આવ્યા સૌ શર્ણ તમારા,
ભવચક્ર કયમ ભમાવ્યા ઓ તાત અમારા
ઓ સ્વામી, વિસરામી, ગુણધામી—મહાવીર—

કરૂ નમન શીરનામી, પદ પંચમ પામીને
મહારાજ મોક્ષગામી, ભવ વિપત વામીને છો-મા
જીન ભકિત હૃદય જામી, તજી દેવ કામીને
હવે ઓળખીન ખામી, પ્રભુ અચળ ધામીને, છો-મા
છો અનાથનાથ હાથ ગ્રહી કરો સનાથ
રાખી ધીર તનમન રોજ કરૂણું રટન
છોમોહન હેજીવન ધન્ય ધન્ય વંદી વિભુ શિવવરીએછો-મા
જગત પ્રતિપાળ પ્રભુ દેવછો દયાળ
શિવસુત કેશવ પાટણ જીન સંડળને
સુખકર મનહર મુકિતવર જીણુંદ આણુંદ કરીએ-છો-મા

સ્તવન ૧૨ મું.

જપતી પ્રિતમની જપમાળ (એ રાહ)

મનહર મહાવીર ગુણ મણીમાળ, સુરતિ મોહનવેલી,
વરીયા શિવરમણી વ્હેલી, અહા અલબેલી
પામ્યા પરમાતમ પદવી અમ મ્હેલી.

સાખી.

સંસારી સુખ અનુભવ્યાં, નાથ અમારી સાથ
કરી ઉતાવળ એકલા, કેમ તર્યા ભવપાથ,
અમને મનમોહન મેલી ખેલતું ખેલી, પામ્યા—

સાખી.

અંતર નિરંતર સદા જાપ જપુ જીનરાજ;
ચરણ કમળની ચાકરી, અનુચર માગે આજ
કરીએ કૃપાણુ દ્રષ્ટી પ્રેમ ભરેલી; પામ્યા—

સાખી.

દહન થતાં ભવદવ વિષે, ઉગારો અરીહંત;
કરજોડી વિનતી કરૂં, આપો સુખ અનંત,
શિવસુત કેશવના બેલી, પાપને ઠેલી- પામ્યા—

સ્તવન ૧૩ મું.

છાંડ લંગરવા મુરખ મેરી બાંહરે—એ રાહ.

તારોરે સંભવ સ્વામી, ભવોદધી તારોરે
દ્રુવ કરજોડી કહે સેવક તમારોરે,
ઝપટ ઝપટ ઝટ કરમ કટક કટ, પાળક શ્રી પરમેશરે,
પાળકપાળક પાળકરે, શિવસુતકેશવનાં વિઘન વિદારોરે, સં.

સ્તવન ૧૪ મું.

પાસ સામળજીન સુખકારી, અરજ સેવકની ઉરધારી;
અમોને ભવ અરણુવ તારી વરાવો સુખકર શિવનારી,
પાટણ જોગી વાડામાં તુજ, મંદીર દેવ વિમાન.
મનહર મુરતિ સુંદર સુરતિ, આપે ભવ અવસાન.
ધ્યાન નરનારી મનધારી. વદનપર શરદશશી વારી-
દુરગતી વારક ભવજળ તારક, ભયભંજન ભગવાન,
પાટણ જૈન સભા શિવસુત, કેશવ ગાવે ગુણવાન.
માન કહીએ જીનવર વારી, સામળાની સેવા સારી—

સ્તવન ૧૫ મું.

કાનુડો શું જાણે મારી પ્રીત. એ રાહ.

જરી આજ જુઓ શ્રી મહાવીર.

હો ત્રિશલાના જાયા. જરી.
નરક ગતિનું દુઃખ નાથ નિવારો (૨)
જમડા ત્યાં જાણે ચીરે ચીર.
ચીરે ચરરરરરરરરરર જરી૦
પશુ પંખાનો ભવ અમને ન આપો, (૨)
પાપીડા મારે તાણી તીર;
તાણી તરરરરરરરરરર. જરી૦
જબરૂ જોખમ કરે ચાર જોદ્ધાઓ (૨)
કાપો કુકરમ કથીર;
કાપો કરરરરરરરરરર. જરી૦
પ્રબળ અનળ ભવમાંહી બળુ છું પ્રભુ. (૨)
ઉચરૂં શું અરજી અધીર;
ઉચરૂં અરરરરરરરરરર. જરી૦
કેવળ પામી સ્વામી અંતર જામી પ્રભુજી (૨)
વસીયાછો સિદ્ધ સિલાને શિર.
વસીયા સરરરરરરરરરર. જરી૦
શ્રી જીન અંકજા શિવસુત કેશવને, (૨)
આપ દયાનાં છાંટો નીર.
છાંટો છરરરરરરરરરર જરી૦

સ્તવન ૧૬ મું.

કહું શું નસીબે દુખીઓ કીધો છે; એ રાહ.

કરૂણા નજરથી પ્રભુજી કૃપાળુ,
દીજીએ દરશન દેવ દયાળુ. કરૂણા૦ ટેક

અભિનંદન પ્રભુ પાપ નિકંદન;
ભકિત થકી ભવભય દુઃખ ટાળુ, કરૂણા. ૧
ચરણ શરણ સ્વામી કરણ હું આવ્યો;
આપ પ્રતાપથી પાપ પ્રજાળુ. કરૂણા. ૨
ભવભય ભંજન ભજન કરંતા;
સાહિબ સમકિત ગુણ અજવાળું. કરૂણા. ૩
પાટણ મંડળ શિવસુત કેશવ;
ન્હાલ થયો પ્રભુ મુખડું નિહાળુ. કરૂણા ૪

સ્તવન ૧૭ મું.

નમુ પદે ગીરજાપતિને. એ રાગ

આદીનાથ તું સુખકર સાહેબ તરણ તારણ સ્વભાવે,
દુખ હરવા ભવ તરવા દેજો જ્ઞાન નાવડે. વંદન.
મારૂ દેવીના એ નંદ નાભીરાયા કુલચંદ ગુણ તુજ
મુનીવૃંદ ગાવે ઇંદ્ર સુર્ય ચંદ્ર આપે પરમ આનંદ.
એક ચીતથી સ્મરણ કરતાં મોક્ષ ધ્યાન ધરંતા. દુખહરવા...વં.
તુંહી તુંહી પરદેશ, તુંહી તુંહી દાનેશ, તુંહી તુંહી જ્ઞાનેશ
તુંહી સકળ તત્વેશ વંદન.
ગાવે પાટણ જૈન મંડળી સંગીત ગાન કરંતા.
દુઃખ હરવા, ભવ તરવા, દેજો જ્ઞાન નાવડે. વદન.

સ્તવન ૧૮ મું.

ભાવથી કરીએ શ્રી જીનપુજા એ રાગ.

પ્રભુ આજે સ્વીકારો ભવજળ તારો સંભવ જીન જયકાર.
ભકિત તરંગ હૃદયમાં પ્રગટયો, દર્શન દો સુખકાર. પ્રભુ.

વિનવું પરમ દયાળ, બાળની લેજો સંભાળ;
તારક બીરૂદ કૃપાળ, સફળ કરો પ્રતિપાળ   પ્રભુ.
ધર્મ ધુરંધર ધીર મોહ વિજય વડવીર;
દ્યો ભવ સાગર તીર, ચરણ નમાવું શીર.   પ્રભુ.
ભવ નાટકના કલેષ, વિધ વિધ ભજવ્યા વેષ;
પાર ન પામ્યો લેશ, દ્યો શુભ તત્વ પ્રવેશ.   પ્રભુ.

સ્તવન ૧૯ મું.

અરે ના બોલો આવી વાત. એ રાહ.

વશી ઉર ભકિત કુંથુનાથ, જુકિતથી મુકિત સાધી; વશી.
જડ કર્મની કંદન વીર, ભવ તાપ નીવારણ નીર,
જયધર્મ ધુરંધર ધીર, જય ધર્મ ધુરંધર ધીરરે.—ઉર ભકિત
વશી ઉર ભકિત કુંથુંનાથ, જુકિતથી મુકિત સાધી. વશી.

સાખી.

મિથ્યાતીમીર હઠાવવા, કરવા જ્ઞાન વિકાશ.
ભવિજન મન કજ બોધવા, અભીનવ ભાનું પ્રકાશ.
જુકિતથી મુકિત સાધી, વશી ઉર ભકિત કુંથુનાથ;
ગતી ચારની વારી નાથ, મેળવ શીવપુરનો સાથ.
ભવ બુડતાં ઝાલો હાથ, ભવ બુડતાં ઝાલો હાથરે—ઉર

સ્તવન ૨૦ મું.

મહા જુલમ જગત માંહી. એ રાહ.

પ્રભુ પાર્શ્વ મુરત પ્યારી, જાવું તુજપર હું વારી   પ્રભુ.
છે આપ તણો આધાર, ઉતારો પાર, સુણી આવાર, દયાદીલ ધારી.
છોન નીલમણી સમ અંગ, ફણીધર સંગ, કરો નહી ભંગ, દયાદીલધારી
કિ અશ્વસેન કુલચંદ, વામાદેવીના નંદ, વિનતી અમારી. પ્રભુ.

સ્તવન ૨૧ મું.

ગોપીચંદ લડકા (એ રાહ)

જીનરાજ અમારા દીઠા મેં લોચન કીધા પાવના
પ્રભુ દર્શનથી પાપ કપાએ પુણ્ય તણો બંધ થાય
રોગ સોગને આધી ઉપાધી સર્વ સંકટ મટી જાયરે જીન
અષ્ટ મહા સીદ્ધી નવનીધી પ્રગટે જપતાં શ્રી જીનરાજ
ભાગ્ય ઉદય પ્રગટાવવારે. જપો સદા શ્રી જીનરાજરે જીન
અષ્ટ કરમ દલ ખડ ગંજી સમ ભસ્મજ કરવા કાજ
ધ્યાન અનળ સમ પ્રભુજી કેરૂં ધરો સદા ભવીરાજરે. જીન
જૈન ધરમ હિતેચ્છુ મંડળી સુખ સંપત્તિ ચાહાય.
ચરણ કમળ ચંદનથી ચરચી. શ્રી જીનવર ગુણ ગાય-જીન-

સ્તવન ૨૨ મું.

મુજ જન્મ ભુમિનો એ રાહ.

નમીનાથ પ્રભુને નીરખીને હું હરખુરે હો આજ.
ખોટ ખજાને ન મળે સાહિબ, અભરાભર ભંડાર
દાયક બિરૂદ ધરાવો જગમાં, યાચક કરે પોકાર-
પાય લાગુ માફી માગું. લાજ મારી રાખો જીણંદ. નમી
અભિનવ જ્ઞાન દિવાકાર નિરખી હૃદય કમળ વીકસાય;
ભક્તિ તરંગ ઉઠયો જે અંતર તે કયમ કરી શરમાય
બાળની સંભાળ લેજો વારી ભવભય. ભિડ નમીનાથ હર)
જનમ મરણનો ફેરો નિવારો ટાળો ભવ જંજાળ
કર્મ રીપુ ભવ સંહારો પામરપાળ દયાળ
આરતિ શીરણની અરજ સ્વીકારી આપો મુક્તિરાજ નમી

સ્તવન ૨૩ મું.

મુખની ભોલી આશા તમારી એ રાહ.

મુખે હું જપતો આશા તમારી-મુનીસુવ્રત ગુણવંત
સેવકનું સુખ જો ઇચ્છોતો, આણો દુખનો અંત.
રોષ ન રાખુ દોષ ન દાખું ધ્યાન ધરૂ સીવકંત
એમીરે મારૂ થાએરે સારૂં પરભવ પણ-સુખવંત
સ્વારથીઆ સંસારમાં સ્વામી આણો દુખનો અંત
હહેરૂ નેહે ચાહે ચરણ તુંજ ગાએ ગુણ ધરી ખંત   મુખે

સ્તવન ૨૪ મું.

નમુ પ્યારા નાથજી સાહાય થાઓ આજજી;
વીસમા તીર્થંકરા સાહાય થાઓ આજજી શાંન્તી કરો નાથજી
મુનીસુવ્રત શાંન્તી વીર મુનીસુવ્રત શાંન્તીવીર
પ્યારા શ્રી જીનરાજજી સ્હાય થાઓ આજજી   નમુ

સ્તવન ૨૫ મું.

સનનન સોહે એ રાહ.

નેમનગીના આઓ રથ આમ,
સામળી સુરતપર વારી વારી જાઉં હું-નેમ;
આઠ ભવંતર પ્રીત નીવારી,
નવમે કુંવારી મુકો નહી સ્યામ,
સુણી પોકાર પશુનો પ્રીતમજી,
રાણીની વાત સુણી નહી નામ.   સામળી

સીતાનું હરણ કરાવ્યું તેં હરણા,
ચંદ્રને કીધો કલંકિત આમ;
મારો વખત પણ આઇ પું ભુલ્યો,
શું મેં બગાડ્યું વીરા તારૂં કામ.   સામળી.
કરપીડનું મણ મારીમાં ન કરશું,

હાથ ધરી શીર દે શીવધામ,
દંપતી સિદ્ધ થયાં જયવંતા,
પાટણ મંડલી કરે પ્રણામ નેમ.

સ્તવન ૨૬ મું.

ક્ષમી કલંક એ રાહ.

જગતારક શ્રી ભગવંત અરજ કરૂં શિરનામીરે—
રૂપસેરા સુનંદના કંત અરજ કરૂં શીરનામીરે—
તુમ શરણે આવ્યો આજ, અરજ કરૂ શીરનામીરે—
સુણો જગદીશ્વર જીનરાજ અરજ કરૂ શીરનામીરે—
હું ભમીયો કાળ અનંત અરજ કરૂ શિર નામીરે—
આણો દુખ તણો હવે અંત અરજ કરૂ શીરનામીરે—
પરમેશ્વર જગદાનંદ અરજ કરૂ શીરનામીરે—
ફેડો મુજ ભવનણા ફંદ અરજ કરૂં શીરનામીરે—
વંદે લધુ આધ્ય સમાજ અરજ કરૂ શીરનામીરે—
માણીક માગે સીવરાજ અરજ કરૂ શીરનામીરે—જગ.

સ્તવન ૨૭ મું.

નાચો રૂમઝુમ રૂમઝુમ પ્રભુજીકે આગે,
સબ ભવ દુખ ભાગે દુર હાં હાં હાં
શાંત દેખકર મહેર પ્રભુજી મુકતી મીલે મન ફુલ ખીલે
ધરો ધ્યાન કરો ગાન
તજો માન હાં ખુરબાન, આવો આવો ગુણગાવો
વરેજાવો ભવને હાંહાં વાવા હાહા વા નાચો

સ્તવન ૨૮ મું.

હાં જોને તું માને તું પ્રીતથી શ્રી જીન જાગીને ભાગી ગુમાન
હાં સોહેછ શોભે છે દેવાધી દેવ એ શાંન્તીનાથ સુજાણ
ખુશી થાએ ગાએ ગુણ પ્રભુના બાળો મળી આણે ઠામ
પ્રેમ પરોવી પારસનાથમાં આપે પ્રભુ શુખધામ
ગાઇએ ગુણો ગ્યાન ધરો શુધ્યાન લેવું વીભુ માન જૈનશાળાના
બાળો મળી સંખેશ્વરનું કરે છે ગુણ ગાન

સ્તવન ૨૯ મું.

શીદ ફલપાવો. એ રાહ,

વીર મહેર કરો ઉધારો તારો પામર પાલક ધારક શ્રી જગ નાથ,સુખકારી દુખહારી નીરધારી જીન તારી વિસ્તારી કીર્તી હે નાથ, જયજય શ્રીજીન ભવ ભય ભજન વંદન જોડીને હાથ, વી૦ ૧ હરખીને નિરખી મેં પરખી ન સરખી સુરતિ તુજ સમ શાંત, ત્યાગી નીરાગી સોભાગી વૈરાગીથી લાગી લય એકાંત. વી૦ ૨. અશરણ શરણ હરણ ભય તારણ તરણ દયાળુ મહારાજ, તારક મોહની વારક ધારક વારક સંકટ. શ્રી જીનરાજ, વી૦ ૩. આધી ઉપાધિની વ્યાધિ વધારી ન કીધી સમાધી લગાર, આદિ અનાદિથી સાધી ન શાદીનિ વાદીથી વાટ વધાર્યો અપાર. વી. ૪ શેતાની મસ્તાની નાદાની અજ્ઞાની અગધ્યાની હું છું અનાથ, ધ્યાની વિજ્ઞાની ને દાની અમાની તું રંક ઉગર કરૂણા કર નાથ.—વી૦૫

સ્તવન ૩૦ મું.

ભરથરી એ રાહ.

તાર પ્રભુ તાર મુજને, જગજીવન જીનરાજજી;
શરણે આવ્યો વીભુ તાહરે, કરજોડીને આજજી.
અરજ સુણો શ્રી સુપાર્શ્વજી,
ક્ષમા રે કરો પ્રભુ માહરા આવ્યા વાંક અપારજી,
કરૂણા નીધિ કરૂણા કરી, આપો ભવજળ પારજી. અ.
તરણ તારણ પ્રભુ તુજને, વિનવું વાર હજારજી;
પરમ પ્રભુ પરમાતમા મુજ દુરીત પ્રહારજી. અરજ
ખોટી માયાને ખોટી કાયા છે, ખોટો સૌ દુખ સાથજી.
કામ ક્રોધ મોહ માનથી, છોડાવો જગનાથજી અરજ.
મુક્તિ આપો જીન નાથજી, સારો સેવક કાજજી;
વિશ્વપતિ તુજને નમે, મુની માણીકરાજજી. અરજ.

ગાયન ૩૧ મું.

શું દાદાજી આમ છેક અમને વિસાર્યા,
તાત તારા બાળને બે વૈરીએ વિદાર્યા; સું દા૦
નાભીના નંદ ભવ ફંદ નીવારો, શું૦ દા૦
શું અનાદી દાસ તારા ધાર્યા નકારા. શુ દા૦
નાથ વીના કોણ અમને ઉગારે,
આઠ ચોર ઘોર માર મારે હત્યારા. શુ દા૦
કુમતી કુતારીએ કેડ ના મુકી,
શું અધમ કામ પ્રભુ કહીએ હમારા. શુ દા૦
મોહ મદલે ભવ રણમાં ઘેર્યા,

વિષય કષાય મદ હોજો ચાર આર્યા, શું ૬૧૦
જૈન સભા લઘુ સાંકળચંદ,
ચરણ પ્રણમી જીનરાજ આજ તારા, શું ૬૧૦

સ્તવન ૩૧ મું.

પ્રભુ તારી ગતિ. એ રાહ.

જીવ તારી ગતિ શી થનારી જરી જો વિચારી ફરી. જીવતારી
લાખ ચોરાશી ભવની ભુલવણી, જાણું જીવ પ્રસાર કરી. જીવ.
રાખી શરત આ ધર્મ ધજાની, ઉંધે પંથે ન જા ઉતરી: જીવ.
મનવ ભવ એ મધ્ય બિંદુ છે, ભાઈ જતો રખે તું ભુલી. જીવ.
રાખી સરત આ ધર્મ ધજાની, ઉંધે પંથે ન જા ઉતરી. જીવ.
નવીન પ્રબોધક જીનવર જેવો ચેતન મળવો નથીરે ફરી જીવ.

સ્તવન ૩૨ મું;

પલ પલ છીન છીન ભજો જીન નામ
ગાવના ભાવના, નિશદિન, આવાન લય સ્વર ધારી;
આદરણા મનહરણા, જીનસરણા, જાનકે ગુણકારી નામ,
પલ પલ
મારકે કામકો પર વિભાવકો તજ તું તનમન વિકાર,
ધરીસ દીલમેં કાનમેં સુનકે વચન કથન શુત્રકાર.
અર્હંત દર્શન દુર્લભ મિલના દુર્ગતિ ભટકત નરભવ સ્યા નામ
પલ પલ.

સ્તવન ૩૩ મું.

આ અરજી, અર જીનવરજી (૨) આમ તારો ગરીબ નીવાજ
બીરૂદ તુજ રાજ સહાયતા કરજી, આ અરજી,

ચાર ગતિમાં લાખ ચોરાશી યોની દુખની ખાંણ,
કાળ અનાદી ભવ અટવીમાં ભ્રમણ કર્યું ભગવાન,
સ્હાયતા કરજી, આ અરજી,
કામ ક્રોધ મદ મોહ માંનથી છોડવો જગનાથ,
પામર પ્રાણી કરૂ પ્રાર્થના ઝાલ સેવકનો હાથ,
સ્હાયતા કરજી, આ અરજી,
અનંત બળી પણ અબળ થઓછું કર્મ વિસે કીર્તાર,
મુનીસુવ્રત જીન મંડળી માંગે પ્રભુ પદ તુજ આધાર,
સ્હાયતા કરજી, આ અરજી,

સ્તવન ૩૪ મું.

કરમાં તું દીલસાથ એ રાહ.

કરમાં લઇ ફુલમાળ પુજવા કરમાં લઇ ફુલમાળ.
હાંજી પ્રભુ આવ્યો પાસજી દ્વાર, પુજવા કરમાં લઇ ફુલ માળ,
તમે સુધારોને આ ભવ તારો,
પાર્સજી પ્યારા કહીએ તમારો ભક્ત ગણી મને પાર ઉતારો,
હાંજીપ્રભુ તેથી કરોને નીહાળ, પુજવા કરમાં લઇ ફુલમાળ,
પુજવા કરમાં લઇ ફુલમાળ;

સ્તવન ૩૫ મું.

જપતી પ્રીતમની જપમાળ. એ રાહ.

સુખકર સંખેશ્વર જીનરાજ, મુરતી મોહનગારી,
તાર્યા અગણીત નરનારી, અહા ઉપગારી.
વરીઆં શિવરમણી સારી જયકારી,
સુખકર સંખેશ્વર જીનરાજ,

સાખી:

જ્યોત જગતમાં જાગતી, મહિમાનો નહીંપાર,
શરણુ કમળ સુરનર નમે, ભમે ન ભવ કંતાર,
જાદવ જરા નીવારી વિજય વધારી, વરીઆ,

સાખી.

વદન વીધુ અમૃત ઝરે, હરે તાપ દુર ધ્યાન,
ભવીમન કુમુદ પ્રફુલ થતાં, પ્રગટે અનુભવ જ્ઞાન,
કમઠ ધરણુ સમ તારી, જઉં બલીહારી, વરીઆ

સાખી.

પાપ અમાપ અનાદીના, કાપો ત્રીભુવનનાથ
સુ ઝાઝુ કહું સાહીબા, મેળવ શીવપુર સાથ
વંદે જૈન સભા સારી જગ હીતકારી વરીઆ,

સ્તવન ૩૬ મું.

એકવીસમા જીનનાં દર્શન કરવા ચાલો હીલમીલકે જઇએ.
વંદન કરીએ ભવ દુઃખ હરીએ તરીએ ભવજળ પારલીએ.
નમીનાથજી દર્શન નીરખી હરખીત હોવે સૌ મનમાં
ભવ ભવં ભટકયો તુમવીના જગમાં, મોહ કર્મમાં મચીઓ
પુરવ પુન્યે હવે તુમે મળીઆ, ભવ જંજાળ છોડાવો તુમે
તુમ પ્રભુ પ્યારા મોહનગારા ન્યારા અષ્ટ કરમદલસે— ૦
જૈન સંગ શમુદાય મળીને વીનંતિ કરે કરજોડી તુને ૦
જ્ઞાન ધ્યાન સૌ તાલ મીલાકે ગાવે બજાવે સૌં મળીઆ
તાતા થૈ તાંતા થૈં નાચ કરત સૌ આવે જીન દરબારૂ વહી

સ્તવન ૩૭ મું.

રૂડી રઢીયાળી રાત રૂડી રઢીયાળી રાત. એ. રાહ.

આજે આણંદ અપાર, આજે આણંદ અપાર;
પ્રેમથી પ્રભૂ પદ પ્રણમો પ્રમોદથી,
સોભે સુંદીર સાજ સોભે સુદીર સાજ.
ભકતો સૌ દર્શન કરતા હેતથી
નમન કરીએ સૌ પ્રીતથી ભાવે ભજીએ સોઉ રીતથી
વાહ પ્રણમો પરમોદથી

સાખી.

મોહન વેલી સુર્તી, આહાવીર ગુણમણી માળ.
અલબેલી શી આંખડી, સૌ જનના પ્રતિપાળ.
વિધ વિધ આભુષણ દીપે સુંદર,
સુગંધી નિરમળ રમણીક અંદર. વિધ વિધ૦

સાખી.

ચોગમ ખુશબો બેહકતી, કપટ ઝપટ દુર થાય;
નરનારી અતિ પ્રીતથી. પ્રણમે પ્રભુના પાય.
શાન્તિ સ્થાપજો શાન્તિનાથ શાન્તિ સ્થાપજો,
કાલાવાલા કરી માગીએ મુગતી આપજો,

સાખી.

અવિનાશી અવની પતિ, ભીડ ભંજન ભગવંત;
દાતા ત્રાતા તુ ધણી, તું સાચો અરિહંત,

સ્તવન ૩૮ મું.

નમુ મુકિત દાતા પ્રભુ મલ્લીનાથ,

હે પ્રભાવતિ જાયા, છે કુંભ નૃપ તન. નમુ.
મીથીલા નગર સુંભકારી સહી.
યોગી નીષ્કામી વસ્યા આપ જહીં. નમુ.
અભય દાન દાતા કૃપા સર્વપર,
તું રાખે નિયંતા કરી હું પર નજર. નમુ.
કૃપા સાગર છો અરિહંત પ્રભુ,
કર્યાં પાપ ટાળો, નમું હું નમુ. નમુ.

સ્તવન ૩૯ મું.

નમુ જીનરાજ દુખ વારરે વારરે
અર્જ સુણી માહરી તું તારરે તારરે.
મોક્ષ દાતા છો ચન્દ્ર પ્રભુ તું,
કર્મ ફંદાસે છોડાવ તું તારરે તારરે, નમુ જીનરાજ

સાખી.

ઝાળ અષ્ટ કરમો તણી, મહેર કરી તું તોડ,
વાંક કરી માફી સહુ, રહુ સદા કરજોડ.
શિવપુર વાટ બતાવ પ્રભુ તું,
સરણે આવ્યો જીનરાજકું વાહરે વાહરે. નમુ.

સાખી.

પુરણ પાળો પ્રિતથી તજું મોહ તત્કાળ.
ભય-પન્જર"ભવ ભ્રમણનો શ્રી જીન દીન દયાળ,
સુખ-કંદ સ્હાય કરજો જીનવર તું
આડમા જગત્ જીનરાજ. તું તારરે તારરે. નમુ.

સ્તવન ૪૦ મું.

દીઠા દીઠા જગત ગુરૂ દેવ હો, પ્રભુ શાન્તિ જીનંદ જયકારી.
શાન્ત સુધારસ છે છબી તારી, મનહર મુર્તિ મોહનગારી;
તારો તારો ત્રિભુવન વારી હો, પ્રભુ શાન્તિ જીનંદ જયકારી
ધર્મ ધુરંધર ધીર છબીલો, સ્યાદ વાદ સુભ પક્ષ રંગીલો.
જગ સ્વામી જગત ઉપગારીહો, પ્રભુ શાન્તિજીણંદ જયકારી,
ચોત્રીસ અતિશય પ્રભુને છાજે, વાણી પાંત્રીસ ગુણ ગણ ગાજે
ગાવે ભાવે સભા જૈન સારીહો, પ્રભુ શાન્તિ જીનંદ જયકારી.

સ્તવન ૪૧ મું.

બોલો મારા પ્રેમી પોપટજી બેલ બોલો એ રાહ.

તારો તમે તારો સો સેવકો તમારા,
સ્હાય કરો સંખેશ્વરા સ્વામી છો અમારા;
સમરતાં પાતાળમાંથી પ્રભુ પ્રગટ થનારા,
જાદવોના જુથની જરા નિવારનારા. તારો ૧
પંચ અગ્ની ઝાળમાં નિજ તન તપાવનારા,
પાર્શ્વનાથ શઠ કમઠની હઠ છુડાવનારા,
નાગપતી નાગને નવકારથી કરનારા,
મેઘ માળી ઉપસર્ગ સહ્યા પ્રભૂ પ્યારા. તારો ૨
ઉપસર્ગ હરી ધરણ ચરણ પુજનારા,
ધરણ મેઘમાળી બે સમાન સ્વામી ધાર્યા.
શિવવધુ સમેત શીખર ઉપર પરણનારા,
જૈન સભા શિવસુત કેશવ સહીત તારનારા. ૩

સ્તવન ૪૨ મું.

અમેરે જીન રાજુલને દરબાર અજીતને વધાવીશુ રે

જીનરાજની પુજા કરૂં સ્તવન કહુંછું સામે બેશી
હું આવ્યો તમારી પાસ ફુલડે વધાવીશું રે=અમેરે

સ્તવન. ૪૨ મું.

નાથ નીરંજન પાર્શ્વજી પ્યારા, આવી ઉભા અહીં દાસતમારા-
મન હરી લીધું નાથ નગીના-વરશી રહી છે આનંદ ધારા-
પુર્વ પુણ્યે આપ મળ્યા છો, શાશન નાયક કામણગારા—નાથ
સ્વર્ગ મૃત્યુ પાતાલમાં ચાવા-જસડંકા તો વાગે તમારા-નાથ
તખ્તે બેઠા દીન દયાળા-ઝળકી રહી છે મોતીની માળા-નાથ
હરદમ આપની પાસ રહયો છું, તો પણ દાસથી કેમ રહો ન્યારા
આણા કદી ન તોડું તમારી તમે તો હમારા-ને અમે તમારા
આંગી અનોપમ દીસે તમારી જવહર હીરા ઝળકે અપારા-
પાટણ મુનિસુવ્રત જીન મંડળી પ્રેમે વંદે છે અહનીશ પ્યારા-નાથ

સ્તવન ૪૩ મુ.

શું નેમજી રાજુલ સંગ પ્રીતિ કરી,
પ્રીતિ કરીને ગયા છો ફરી— શું૦
નાથ નગીના નેમજી, નિરમોહી ન થવાય,
આ પ્રીતિ ભવ આઠની, નવમે ભવ ન તજાય;
બળીયા વિનાની બની બાળા એ બાપડી,
આંખ્યમાંથી આંસુ રહ્યા છે ઝરી— શું૦
જોઇ જાન જાદવ તણી, ઉલટયો હર્ષ અપાર,
હવો રંગમાં ભંગરે, પશુએ કરી પોકાર;
સખી ચતુર વિચક્ષણ નેમ, ચિત્ત ગયા ચુકીરે,
પુરવનો પરહરિ પ્રેમ મુજને મુકીરે

શ્રી ગિરનાર ઉપર ગયા, રંગીલી રાજુલ,
નાથ નમિ લીધું સહી; મુકિત સુખ અમુલ;
પ્રભુ ગુણ ગાઈ નિત પાટણ જીન મંડળી,
કરે અભિવંદન આનંદ ભરી શુ૦

પંચ પરમેષ્ટીની આરતી.

જયદેવ જયદેવ, જય જય જગ ત્રાતા, (પ્રભુ)
પારંગત પિતુ માતા, તુ ભગની ભ્રાતા. જયદેવ ૧
આદેશ્વર સ્વામી, છો અંતર જામી, પ્રભુ)
વિશ્વ સકળ વિસરામી, ગીરૂઆ ગુણ ગ્રામી જયજય. ૨
જીનવર જયકારી, અત્યંત ઉપકારી, (પ્રભુ)
શાા ત શાન્તિ સુખકારી. નર નારી તારી. જયદેવ. ૩
અવિહા અવિકારી, ભગવત બ્રહ્મચારી (પ્રભુ)
પશુના પ્રાણ ઉગારી, નેમ તજી નારી. જયદેવ ૪
નર નિરજર જાતી, પાર્શ્વ ગુણો ગાતી (પ્રભુ)
જરા ન્હવણથી જાતી, ખટ દર્શન ખ્યાતી. જયદેવ. ૫
વર્દ્ધમાન વાણી, જગ સુખકર જાણી (પ્રભુ)
શુણી ભાવે ભવિ પ્રાણી. વરીયા શીવરાણી જયદેવ ૬
એ પરમેષ્ટી પંચ, નમતાં અઘ નાસે (પ્રભુ)
સકળ વિઘન સંહારી, વસિએ શિવ વાસે જયદેવ—૭
ગુરૂ ઉદ્યોત પસાયે, જીનપંકજ રંગે,
શિવસુત કેશવ વંદે, જૈન સભા સંગે. જયદેવ. ૮

મંગળ દીવો.

દીવારે દીવો મંગળીક દીવો

આરતી ઉતારોને બહુ ચિરંજીવો;
સાંઘલણો ઘર પર્વ દીવાળિ;
અગર ખેલે અબળા બાળી,
દેપાળ ભણે એને કળ અજુઆળી;
ભાવે ભગતે વદન નિહાળી—
દેપાળ ભણે એણે કળીકાળે
આરતી ઉતારી રાજા કુમારપાળે
અમ ઘર મંગલીક તમ ઘર મંગળીક
મંગળીક ચતુર વિધિ સંગમાં હોજો દીવોરે દીવો—

આશ્રય પત્ર.

૧૦	શા લહેરચંદ ભોગીલાલ
૧૦	શા. ભોગીલાલ ચુનીલાલ
૫	શા. નાનુભાઇ નગીનદાસ ટેજર
૫	શા. વેલચંદ રામચંદ
૫	શો લંદેરભાઇ રામચંદ
૧૦	શા મોહનલાલ લલ્લુભાઇ
૧૦	શા છોટાલાલ અનોપચંદ
૫	શા સુરજમલ ભોગીલાલ
૫	શા મણીલાલ કરમચંદ
૫	શા ભોગીલાલ પુનમચંદ
૫	શા કકલચંદ લલ્લુભાઇ
૫	શા જેસંગભાઇ ખેમચંદ
૫	શા અમીચંદ ખેમચંદ

જાહેર ખબર.

[illegible]

[illegible]

[illegible]

ગુજરાતી ભાઈઓ.

મુ. પટેલ.

[illegible]